મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

G T NEWS ગરવી તાકાત LIVE

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૭-૦૫-૨૦૨૬
ગુરુવાર

વર્ષ : ૧૨ ★ અંક નં : ૧૯
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

કાર્યાલય : ૬,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### "અડાલજ ત્રિમંદિર ખાતે મહેસૂલ વિભાગના મંથનનો પ્રારંભઃ લેન્ડ ગવર્નન્સમાં ઈનોવેશન અને ટ્રાન્સફોર્મેશન પર ભાર"

# "મહેસૂલ વિભાગની ત્રિદિવસીય ચિંતન શિબિરઃ 'હું ચલાવું છું'નું અભિમાન છોડી ટીમવર્કથી પ્રજાલક્ષી કાર્ય કરોઃ મુખ્યમંત્રીની ટકોર"

## "સત્તાનો ઉપયોગ પ્રજાના પ્રશ્નો ઉકેલવા કરો; દર ૧૫ દિવસે કામનું સ્વ-ચિંતન જરૂરીઃ સીએમ ભૂપેન્દ્ર પટેલ"

ગરવી તાકાત । ગાંધીનગર



અડાલજના ત્રિમંદિર ખાતે મહેસૂલ વિભાગની ત્રિદિવસીય ચિંતન શિબિરનો ભવ્ય પ્રારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવ્યો હતો. "Collaborate, Innovate and Transform for Better Land Governance" થીમ સાથે યોજાયેલી આ શિબિરમાં રાજ્યભરના જિલ્લા કલેક્ટરો અને મહેસૂલી અધિકારીઓ એકત્ર થયા છે. કાર્યક્રમના આરંભે મુખ્યમંત્રીએ તીખી ટિપ્પણી કરતાં કહ્યું કે, "ચિંતન શિબિર છે તો બધા ચિંતિત કેમ?". એટલું જ નહીં 'હું ચલાવું છું' એવો અભિમાન છોડીને ટીમવર્કથી કાર્ય કરવાની અધિકારીઓને ટકોર કરી હતી.

મુખ્યમંત્રીએ કલેક્ટરોની ભૂમિકા પર ભાર મૂકતાં કહ્યું કે તેઓ પાસે વિશાળ સત્તાઓ છે અને તે સત્તાનો ઉપયોગ પ્રજાલક્ષી કામોમાં થવો જોઈએ. 'દર ૧૫ દિવસે પોતાના કામનું ચિંતન કરો, એક-બે લોકોના કારણે આખા વિભાગની છબી ખરાબ ન થાય' એવી ચેતવણી આપતાં તેમણે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવાની સ્પષ્ટ સૂચના આપી. તેમણે જણાવ્યું કે સ્વાગત ઓનલાઈન જેવા કાર્યક્રમોમાં નાગરિકોના પ્રશ્નો સીધા તેમની પાસે પહોંચે છે, તેથી અધિકારીઓએ અગાઉથી જ સમસ્યાઓનું નિવારણ કરી દેવું જોઈએ જેથી લોકો સંતોષ અનુભવે.

મુખ્યમંત્રીએ અધિકારીઓને સંવેદનશીલ વહીવટ માટે પ્રેરિત કરતાં કહ્યું કે, "ઓફિસમાં આવનાર કોઈપણ વ્યક્તિને ખચકાટ ન થાય, હસતા મોઢે કામ કરશો તો અરજદાર ખુશ થશે." સાથે જ તેમણે "હું ચલાવું છું" એવો અભિમાન છોડીને ટીમવર્કથી કાર્ય કરવાની સલાહ આપી અને ઉમેર્યું કે સિસ્ટમ સૌના સહકારથી ચાલે છે. "છજી અધિકારીઓના સંઘર્ષનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે મોટી મહેનત બાદ આ પદ પ્રાપ્ત થાય છે, તેથી જવાબદારીપૂર્વક કાર્ય કરવું જરૂરી છે. વ્યક્તિગત કે વહીવટી મુશ્કેલી હોય તો સીધા તેમને જાણ કરવા પણ મુખ્યમંત્રીએ આશ્વાસન આપ્યું.

મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સૌના સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને યાદ કરતાં કહ્યું કે વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને વિકસિત ગુજરાતથી સાકાર કરવા મહેસૂલ વિભાગની ભૂમિકા મહત્વપૂર્ણ છે. નાગરિકોના સુખાકારી માટે ચિંતન-મંથનને જરૂરી ગણાવી આ શિબિરને આત્મસંવાદનું શક્તિશાળી માધ્યમ ગણાવ્યું.

શિબિરમાં મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહીડાએ જણાવ્યું હતું કે કે રાજ્ય સરકાર વહીવટને નાગરિકોની સેવા ગણે છે અને છેવાડાના માનવીના પ્રશ્નો ઉકેલવા પ્રતિબદ્ધ છે. ઈ-ધરા, "ઈછ જેવી ડિજિટલ પહેલો દ્વારા ફેસલેસ અને પેપરલેસ ગવર્નન્સ અમલમાં મૂકાઈ છે. જમીન ફાળવણીમાં 'ઝીરો ડીલે' નીતિ અપનાવી પારદર્શિતા વધારવામાં આવી છે, જેના કારણે ગુજરાત વૈશ્વિક રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સાથે જ ડ્રોન ટેક્નોલોજી અને સેટેલાઈટ ઈમેજરી દ્વારા જમીન સર્વે વધુ સચોટ બનાવવામાં આવી રહ્યો છે.

મુખ્ય સચિવ મનોજકુમાર દાસે મહેસૂલ વિભાગના કાર્યને બિરદાવતાં જણાવ્યું કે ટેકનોલોજી અને પારદર્શિતાથી વહીવટ વધુ મજબૂત બની રહ્યો છે. વિકાસ પ્રોજેક્ટ્સ માટે જમીન ફાળવણીમાં રાજ્યએ નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે, ખાસ કરીને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાત અગ્રેસર છે. વહીવટી તંત્ર મજબૂત કરવા એડિશનલ કલેક્ટરની જગ્યાઓ તથા તલાટી-સર્વેયરની ભરતી પણ કરવામાં આવી છે.

શિબિર દરમિયાન દીપકભાઈ દેસાઈએ આધ્યાત્મિકતા અને કર્મને જોડતો પ્રેરણાદાયી સંદેશ આપ્યો. તેમણે અધિકારીઓને નિષ્ઠા, પારદર્શિતા અને સંસ્કાર સાથે કાર્ય કરવા તેમજ કોઈને દુઃખ ન પહોંચે તે રીતે વ્યવહાર રાખવાની પ્રેરણા આપી.

અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ જણાવ્યું હતું કે આ ચિંતન શિબિર માત્ર ચર્ચા પૂરતી મર્યાદિત નહીં રહે પરંતુ મહેસૂલ વિભાગમાં ગુણાત્મક પરિવર્તન લાવશે. કલેક્ટર સંસ્થાના ગૌરવશાળી ઈતિહાસનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે નવી ટેકનોલોજી અને આધ્યાત્મિક ઉર્જાના સમન્વયથી વહીવટ વધુ અસરકારક બનશે. આ પ્રસંગે રાજ્યના ઉચ્ચ અધિકારીઓ, જિલ્લા કલેક્ટરો અને મહેસૂલી કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કુલ મળીને, આ ત્રિદિવસીય ચિંતન શિબિર રાજ્યના વહીવટી તંત્રમાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને નાગરિક કેન્દ્રિત અભિગમને વધુ મજબૂત બનાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ સાબિત થઈ રહી છે.



"ઝીરો ટોલરન્સ અને પારદર્શિતા સાથે 'વિકસિત ગુજરાત'થી 'વિકસિત ભારત @2047' ના લક્ષ્યને સાકાર કરવા અધિકારીઓને આહ્વાન"

## વિજાપુર પીએમ પોષણ યોજના કૌભાંડઃ આંકડામાં ગેરરીતિ બદલ ૬ શાળાઓના સંચાલકોને મામલતદારની લાલ આંખ

ગરવી તાકાત ।વિજાપુર




મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં પીએમ પોષણ યોજના (મધ્યાહન ભોજન) માં મોટાપાયે આચરવામાં આવેલી ગેરરીતિઓનો પર્દાફાશ થયો છે. શાળામાં ખરેખર ભોજન લેતા વિદ્યાર્થીઓ કરતા કાગળ પર વધારે સંખ્યા બતાવીને સરકારી ગ્રાન્ટ અને અનાજનો દુરુપયોગ કરવાના આ કૌભાંડમાં વિજાપુર મામલતદારે કડક કાર્યવાહી હાથ ધરી છે. તપાસ દરમિયાન વર્ગ શિક્ષકો દ્વારા પોર્ટલ પર અપલોડ કરાયેલી સંખ્યા અને સંચાલકોની વર્ધી બુકના આંકડામાં મોટો તફાવત જોવા મળતા, તાલુકાની ૬ પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન સંચાલકોને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે, જેને પગલે શિક્ષણ જગતમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાથમિક શાળાઓમાં પીએમ પોષણ યોજના અંતર્ગત ભોજન લઈ રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા ખોટી બતાવીને આચરવામાં આવેલા કૌભાંડ મામલે વિજાપુર મામલતદારે એક મહિના પૂર્વે ૬ શાળાઓના મધ્યાહન ભોજનના સંચાલકોને નોટિસ આપી હતી.મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શાળામાં ભોજન લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં વધારે સંખ્યા બતાવી સુવ્યવસ્થિત રીતે શાળા સંચાલકો દ્વારા ચલાવાતાં કૌભાંડ મામલે બે મહિના પૂર્વે વિજાપુર મામલતદારે ૧૧ શાળાના આચાર્યોને નોટિસ આપી હતી. જેમાં તેમણે મામલતદાર સમક્ષ જે-તે મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલકની વર્ધી બુક અને પીએમપી પોર્ટલ મોબાઈલ એપ્લિકેશન પર વર્ગ શિક્ષક દ્વારા અપલોડ કરાતી વિદ્યાર્થીઓની સંખ્યાના પત્રકો રજૂ કરાયા હતા. જેમાં ૬ પ્રાથમિક શાળામાં ભોજન લેતા બાળકોની સંખ્યા વધુ દર્શાવાઈ હોવાનું બહાર આવ્યું હતું.

મામલતદાર અતુલ ભાટીએ બામણવા, મહાદેવપુરા (ડા), સુંદરપુર, ગણેશપુરા, ધનપુરા અનુપમ પે સેન્ટર અને લાડોલ પ્રાથમિક કન્યા શાળાના સંચાલકોને ૧ એપ્રિલના રોજ નોટિસ પાઠવી હતી. જેમાં સંચાલકોએ રજૂ કરેલ વર્ધી બુક અને પીએમપી પોર્ટલ મોબાઈલ એપ્લિકેશન પર વર્ગ શિક્ષક દ્વારા અપલોડ કરાતી વિદ્યાર્થીઓની સંખ્યા બાબતે જૂન ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૬ના પત્રકોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં તફાવત જોવા મળેલ છે.

**આ શાળામાં વધારે સંખ્યા બતાવી છે**

| | |
|---|---|
| બામણવા પ્રા.શાળા ૩૦૫ | મહાદેવપુરા પ્રા.શાળા ૨૦૦૭ |
| ધનપુરા પે સેન્ટર શાળા ૯૮ | સુંદરપુર પ્રા.શાળા ૨૯૫૧ |
| ગણેશપુરા પ્રા.શાળા ૭૨૪ | લાડોલ પ્રા.કન્યા શાળા ૧૮૨૨૮ |

## ઊંઝા માર્કેટયાર્ડ બેંકના પાયાના પથ્થર સમાન અશોકભાઈ પટેલનો ભવ્ય વિદાય સન્માન સમારોહ

ગરવી તાકાત । ઊંઝા



ઊંઝા માર્કેટયાર્ડ બેંકના વરિષ્ઠ કર્મચારી અશોક પટેલ વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા છે. તેમની નિષ્ઠાપૂર્વકની લાંબા સમયની સેવાઓને બિરદાવવા માટે વિદાય અને સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

તેમણે બેંકના પ્રારંભિક ગાળાથી જ સંસ્થાના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. તેમણે બેંકમાં સૌથી જૂના કર્મચારી તરીકે લાંબા સમય સુધી નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી હતી.તેમની દીર્ઘકાલીન અને વ્યાવસાયિક સેવાઓની કદર રૂપે બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ડિરેક્ટરોએ તેમને શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ તેમનું નિવૃત્તિ પછીનું જીવન સુખમય, સ્વાસ્થ્યપ્રદ અને દીર્ઘાયુ રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે બેંકનો અન્ય સ્ટાફ અને સહકર્મચારીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## વિજાપુર-હિંમતનગર રોડ પર રણછોડપુરા ચોકડી પાસે અજાણ્યા વાહનની ટક્કરે એક યુવકનું મોત




ગરવી તાકાત । ગાંધીનગર

બનાસકાંઠાના હડાદ તાલુકાના ધ્રોંગી ગામના એક યુવકનું વિજાપુર-હિંમતનગર રોડ પર રણછોડપુરા ચોકડી પાસે અજાણ્યા વાહનની ટક્કરે મોત નીપજ્યું અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો જે અંગે વિજાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ મળતી વિગત મુજબ બનાસકાંઠા જિલ્લાના હડાદ તાલુકાના ધોગ્રીવાસમાં રહેતા બાબુભાઈ મીનાભાઈ જોરાભાઈનો મોટો પુત્ર મહેશ ખેરાલુના એક કોન્ટ્રાકટર પાસે પાઈપલાઈન કલીનિંગની સાઈડ પર મજૂરી કામ કરતો.

ગત તારીખ ૪ મે ૨૦૨૬ના રોજ મહેશ અને તેનો પિતરાઈ ભાઈ રાજુભાઈ બંને ટ્રેક્ટર લઈને વિસનગર સાઈડથી ખેરાલુ જવા નીકળ્યા રસ્તો અજાણ્યો હોવાથી તેઓ ભૂલા પડી ખેરાલુને બદલે વિજાપુર પહોંચી ગયા રાત્રિના આશરે આઠેક વાગ્યાના સુમારે હિંમતનગર રોડ પર રણછોડપુરા ચોકડી પાસે મહેશે રસ્તો પૂછવા માટે ટ્રેક્ટર સાઈડમાં ઊભું રખાવ્યું તે દરમિયાન હિંમતનગર તરફથી પૂરઝડપે આવી રહેલી એક અજાણી ફોર વ્હીલર ગાડીએ મહેશને જોરદાર ટક્કર મારી.

આ અકસ્માતમાં મહેશને માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું બનાવ અંગે મૃતકના પિતા બાબુભાઈએ વિજાપુર પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડી ફરાર વાહન ચાલકને પકડી પાડવા વધુ તપાસ હાથ ધરી.

## મર્ચન્ટ એજ્યુકેશન કેમ્પસના ઓડિટોરીયમ હોલમાં મેળો યોજાશે

ગરવી તાકાત । મહેસાણા




મહેસાણા જિલ્લાના શિક્ષિત બેરોજગાર યુવાનોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની ઉત્તમ તકો પૂરી પાડવાના હેતુથી જિલ્લા રોજગાર કચેરી દ્વારા આગામી ૮મી મેના રોજ એક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો બાસણા સ્થિત મર્ચન્ટ એજ્યુકેશન કેમ્પસના ઓડિટોરીયમ હોલ ખાતે યોજાશે.

જિલ્લા રોજગાર અધિકારીની અખબારી યાદી મુજબ શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકે શરૂ થનારા આ મેળામાં ખાનગી ક્ષેત્રના વિવિધ પ્રતિષ્ઠિત નોકરીદાતાઓ ઉપસ્થિત રહેશે અને લાયક ઉમેદવારોની સ્થળ પર જ પસંદગી પ્રક્રિયા હાથ ધરશે. શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો ધોરણ ૧૦ અને ૧૨ પાસ આઈ.ટી.આઈ. (ITI) તેમજ ડિપ્લોમા ધરાવતા ઉમેદવારો આ ભરતી મેળામાં ભાગ લેવા માટે પાત્ર ઠરશે.

રોજગાર મેળવવા ઈચ્છુક તમામ ઉમેદવારોએ પોતાના બાયોડેટાની નકલો,પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ અને ઓળખપત્ર સાથે નિયત સમયે અને સ્થળે સ્વખર્ચે હાજર રહેવા જણાવાયું છે. મહેસાણા જિલ્લાના મહત્તમ યુવાનો આ તકનો લાભ લે તેવો અનુરોધ પણ વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યો છે.




## બંગાળમાં ભાજપનું નોંધપાત્ર પ્રદર્શન

જો પાંચ રાજ્યો - પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરી - માં ચૂંટણી પરિણામોને સર્વાંગી રીતે જોવામાં આવે તો એક વ્યાપક ચિત્ર ઉભરી આવે છે. આ ચિત્રમાં બે ઘટનાઓ ખાસ કરીને ઐતિહાસિક લાગે છે: બંગાળમાં ભાજપની નોંધપાત્ર લીડ અને તમિલનાડુમાં થલાપતિ વિજયની પાર્ટી, ટીવીકેનું પ્રભાવશાળી પ્રદર્શન. જ્યારે આસામમાં ભાજપનો સતત ત્રીજો વિજય મહત્વપૂર્ણ છે, ત્યારે બંગાળ અને તમિલનાડુમાં બનેલી ઘટનાઓના રાજકીય પરિણામો વધુ દૂરગામી છે. તૃણમૂલ કોંગ્રેસના વિશાળ મુસ્લિમ મતદારોના સંગઠિત સમર્થન છતાં, બંગાળમાં ભાજપનો વિજય એ સામાન્ય ઘટના નથી.

જ્યારે આસામમાં ભાજપનો વિજય, તેની નોંધપાત્ર મુસ્લિમ વસ્તી હોવા છતાં, ઘણા સ્થાપિત રાજકીય દંતકથાઓને તોડી નાખે છે, ત્યારે આસામ અને બંગાળના રાજકીય પરિદૃશ્ય અને સત્તા માળખામાં મૂળભૂત તફાવતો છે. બંગાળમાં મમતા બેનર્જીએ બનાવેલા રાજકીય વાતાવરણ અને સત્તા માળખાએ અન્ય કોઈપણ પક્ષ માટે અસરકારક પડકાર ઊભો કરવાનું મુશ્કેલ બનાવ્યું. પરિણામે, ભાજપની સફળતા માત્ર ચૂંટણી સિદ્ધિ નથી, પરંતુ બંગાળના રાજકીય પરિદૃશ્યમાં નોંધપાત્ર પરિવર્તનનો સંકેત છે.

છેલ્લા દાયકામાં ચૂંટણી વલણોનો એક મુખ્ય પાસું, જે લગભગ દરેક રાજ્યમાં સ્પષ્ટ છે, તે એ છે કે હિન્દુઓમાં હિન્દુત્વ, સંસ્કૃતિ અને ધાર્મિક ઓળખના વ્યાપક પુનર્જાગરણે સ્થિર મતદાતા આધાર બનાવ્યો છે. આ આધાર, અસંતોષ, અસંતોષ અથવા આંશિક રોષ હોવા છતાં, ભાજપ અથવા તેના સાથી પક્ષો પ્રત્યે મજબૂત પૂર્વગ્રહ જાળવી રાખે છે, ક્યારેક તેની ગેરહાજરીમાં વૈચારિક રીતે નજીકના પક્ષો તરફ સ્થળાંતર કરે છે.

આ વલણ પાંચેય રાજ્યોની ચૂંટણીમાં પણ સ્પષ્ટ હતું. ભાજપે સ્થાનિક અને પ્રાદેશિક મુદ્દાઓ ઉઠાવવાની રણનીતિનો સતત ઉપયોગ કર્યો છે, સાથે સાથે ચૂંટણી ચર્ચાને રાષ્ટ્રીય થીમ્સ સાથે જોડી છે. આ મતદારો સાથે સીધો ભાવનાત્મક અને વૈચારિક જોડાણ સ્થાપિત કરે છે. બંગાળ અને આસામમાં, ભાજપે રાષ્ટ્રીય સુરક્ષા અને વસ્તી વિષયક સંતુલન જેવા મુદ્દાઓને મુખ્ય રીતે પ્રકાશિત કર્યા, તેમને ચૂંટણી કાર્યસૂચિના કેન્દ્રમાં રાખ્યા. મોદી સરકારના મહિલા સશક્તિકરણ કાર્યક્રમોએ પણ ચૂંટણી વાતાવરણને પ્રભાવિત કર્યું, મહિલા મતદારોને સકારાત્મક સંદેશ પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

ખરેખર, બંગાળના પરિણામોએ ફક્ત તે લોકોને જ આશ્ચર્યચકિત કર્યા છે જેઓ જમીની વાસ્તવિકતાઓ અને મતદારોના મોટા વર્ગ, ખાસ કરીને હિન્દુઓમાં પરિવર્તનની ઝંખનાથી અજાણ હતા. તૃણમૂલ કોંગ્રેસે સત્તા અને બંગાળનો સમગ્ર રાજકીય પરિદૃશ્ય સ્થાપિત હિતોને સોંપી દીધો હતો. આ, કટ્ટરપંથી તત્વોને આપવામાં આવેલા ખુલ્લેઆમ સમર્થન અને પ્રોત્સાહન સાથે, સમગ્ર રાજ્યમાં સાંપ્રદાયિક ભય અને તણાવની સ્થિતિ ઊભી કરી. તેઓ આગ્રહ રાખવા લાગ્યા કે મતદારોએ પોતાની મરજીથી નહીં, પરંતુ તૃણમૂલ કોંગ્રેસના નેતાઓના ઈશારે મતદાન કરવું જોઈએ, અથવા ઘરે રહેવું જોઈએ, અથવા હિંસા, દમન, ઉત્પીડન અને સ્થળાંતરનો સામનો કરવો જોઈએ.

બંગાળમાં ×મૌન હેરાફેરી× એક મુખ્ય ચૂંટણી વલણ રહ્યું છે. પહેલા, ડાબેરી મોરચાએ આ યુક્તિ દ્વારા સતત જીત સુનિશ્ચિત કરી, અને પછી મમતા બેનર્જીએ તેમના આખા પક્ષને વધુ હિંસક અને દમનકારી તત્વોમાં ફેરવી દીધો. સ્થળાંતર અથવા હિંસાનો સૌથી વધુ ભોગ મહિલાઓ છે. આ જ કારણ છે કે તેમના મતોનો નોંધપાત્ર હિસ્સો તૃણમૂલને બદલે ભાજપને ગયો. ભાજપ પર હિન્દુઓનું ધ્રુવીકરણ કરવાનો આરોપ લગાવનારાઓ ઉપરછલ્લું વિશ્લેષણ કરી રહ્યા છે. વાસ્તવમાં, બંગાળમાં રાજકીય સંઘર્ષ સાચા લોકશાહીને પુનઃસ્થાપિત કરવા અને સત્તા સંસ્કૃતિને વધુ સમાવિષ્ટ બનાવવાનો હતો. આ જવાબદારી મુખ્યત્વે રાજ્યના હિન્દુઓની હતી. જો હિન્દુઓને લાગતું હતું કે આ સરકાર હેઠળ તેમનું અસ્તિત્વ જોખમમાં છે, તો તેના કારણો ગહન હતા.

બાંગ્લાદેશમાં થયેલી હિંસક ઘટનાઓએ હિન્દુ માનસિકતાને મજબૂત બનાવી કે તેમણે અમુક અંશે પોતાનો જીવ જોખમમાં મૂકવો પડશે. વધુમાં,એસઆઈઆરમાંથી મૃત, શંકાસ્પદ અને સ્થાનાંતરિત મતદારોના નામ દૂર કરવાથી નકલી મતદારોની પ્રથા દૂર થઈ.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

### ડીલની આશા સાથે ટ્રમ્પનો મહત્ત્વનો નિર્ણય

# ઈરાન સાથેના યુદ્ધ વચ્ચે અમેરિકાએ 'પ્રોજેક્ટ ફ્રીડમ'ને પણ અટકાવ્યું

**અમેરિકા દ્વારા ઓપરેશન રોકવાની જાહેરાત થતા જ આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઇલની કિંમતોમાં ઘટાડો નોંધાયો છે...**



નવી દિલ્હી, તા.૬

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવમાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝની ખાડીમાં ફસાયેલા જહાજોને બહાર કાઢવા માટેના 'પ્રોજેક્ટ ફ્રીડમ'ને થોડા સમય માટે રોકવાની જાહેરાત કરી છે. ટ્રમ્પના મતે ઈરાન સાથેની વાતચીત હવે અંતિમ સમજૂતી તરફ વધી રહી છે અને તેમાં સારી પ્રગતિ થઈ છે. આ દરમિયાન અમેરિકાએ તેના સૈન્ય અભિયાન 'ઓપરેશન એપિક ફ્યુરી'ને પણ ખતમ કરવાની જાહેરાત કરી છે. વિદેશ મંત્રી માર્ક રુબિયોએ સ્પષ્ટ કર્યું કે અમેરિકા હવે કોઈ નવું યુદ્ધ નથી ઈચ્છતું અને શાંતિના માર્ગે આગળ વધવા માંગે છે.ભલે પ્રોજેક્ટ ફ્રીડમ અટકાવી દેવામાં આવ્યો હોય, પરંતુ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે હોર્મુઝની ખાડી પર અમેરિકાની નાકેબંધી પૂરી રીતે ચાલુ રહેશે. ઈરાનને કડક શબ્દોમાં ચેતવણી આપતા ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકાએ ઈરાની નૌકાસેનાને એટલું નુકસાન પહોંચાડ્યું છે કે હવે તેમની પાસે લડવા માટે કોઈ બોટ બચી નથી. આ સાથે જ તેમણે ઈરાનના નાગરિકોના વિરોધ પ્રદર્શન અંગે પણ નિવેદન આપતા હિંસાની આશંકા વ્યક્ત કરી હતી. બીજી તરફ, અમેરિકાએ દાવો કર્યો છે કે તેણે ઈરાનની ૭ નૌકાઓને તોડી પાડી છે, જોકે આ સંઘર્ષમાં ૧૦ સામાન્ય નાવિકોના મોત પણ થયા છે.અમેરિકા દ્વારા ઓપરેશન રોકવાની જાહેરાત થતા જ આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલની કિંમતોમાં ઘટાડો નોંધાયો છે. અમેરિકન ક્રૂડ ઓઈલ (ઉં)ની કિંમત આશરે ૨.૧૮% ઘટીને ૧૦૦.૦૪ ડોલર પ્રતિ બેરલ પર આવી ગઈ છે. હાલમાં અમેરિકન વાયુસેનાના ÷-૧૬ વિમાનો હોર્મુઝ વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે. આ સૈન્ય તહેનાતીનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકન સૈનિકોની સુરક્ષા અને વિશ્વમાં ઓઈલનો પુરવઠો ખોરવાય નહીં તે માટે વેપારી જહાજોને રક્ષણ આપવાનો છે.હોર્મુઝની ખાડીમાં વધતા તણાવને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર(દ્ર)માં એક મહત્ત્વનો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રસ્તાવ દ્વારા ઈરાનને સખત ચેતવણી આપવામાં આવી છે કે જો તે જહાજો પર હુમલા અને ગેરકાયદે ટોલ વસૂલાત બંધ નહીં કરે, તો તેના પર કડક પ્રતિબંધો લાદવામાં આવશે. આ ઉપરાંત, સમુદ્રમાં બિછાવેલી માઈન્સની જાણકારી શેર ન કરવા બદલ પણ ઈરાન સામે આકરા પગલાં લેવાની તૈયારી બતાવવામાં આવી છે. અમેરિકા હાલ ઈરાન સાથે કાયમી સીઝફાયર માટે વાતચીતના પ્રયાસો કરી રહ્યું છે.

# ઉદ્યોગપતિના પરિવારે તમિલનાડુમાં ત્રણ બેઠકો જીતી, જેમાં તેમનો પુત્ર, જમાઈ અને પત્ની ધારાસભ્ય બન્યા



ચેન્નાઈ,તા.૬

અભિનેતા થલાપતિ વિજયની પાર્ટી,ટીવીકેએ તમિલ નાડુ વિધાનસભા ચૂંટણીમાં ૨૩૪ માંથી ૧૦૭ બેઠકો જીતી છે. બે વર્ષ પહેલાં રચાયેલી આ પાર્ટીએ તમિલનાડુના રાજકીય પરિદૃશ્યમાં મોટો ઉથલપાથલ મચાવી દીધો છે, જે ડીએમકે અને એઆઈએડીએમકે વચ્ચે હચમચી રહ્યો હતો. ડીએમકેએ ૬૦ બેઠકો જીતી હતી અને એઆઈએડીએમકેએ ૪૭ બેઠકો જીતી હતી. તમિલનાડુ ચૂંટણીમાં આ રસપ્રદ વાર્તા લોટરી કિંગ સેન્ટિયાગો માર્ટિનના પરિવારની છે. ૪,૦૦૦ કરોડની સંપત્તિના માલિક માર્ટિન, તેમના જમાઈ, આદવ અર્જુન, તેમની પત્ની, લિમા માર્ટિન અને પુત્ર, જોસ ચાર્લ્સ માર્ટિનને તમિલનાડુ અને પુડુચેરી ચૂંટણીમાં શાનદાર જીત મેળવતા જોયા છે.

સેન્ટિયાગો માર્ટિનના જમાઈ, આદવ અર્જુન રેડ્ડી, વિજય વિજયની તમિલનાડુ વેટ્રી કઝગમ પાર્ટીના સૌથી વિશ્વસનીય નેતાઓમાંના એક છે. અદાવે વિલ્લિવાક્કમ બેઠક પરથી ચૂંટણી લડી અને ૧૭,૦૦૦ મતોના મોટા માર્જિનથી જીત મેળવી. અદાવ અર્જુન સેન્ટિયાગો માર્ટિનની પુત્રી ડેઝી માર્ટિન સાથે લગ્ન કરે છે અને ટીવીકેના જનરલ સેક્રેટરી પણ છે. માર્ટિનની પત્ની લીમાએ પણ તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં લાલગુડી બેઠક જીતી હતી. લીમાએ એઆઈએડીએમકેની ટિકિટ પર ચૂંટણી લડી અને ડીએમકે અને ટીવીકેને હરાવીને ૨,૫૦૦ મતોથી જીત મેળવી.

જ્યારે સંથિઓગાના પુત્ર, જોસ ચાર્લ્સ માર્ટિન, પોતાની પાર્ટી, લચ્છિયા જનનાયક કાચી પાર્ટી ધરાવે છે, જે એનડીએની સાથી છે. જોસ માર્ટિનની પાર્ટીએ પુડુચેરી વિધાનસભા ચૂંટણીમાં બે બેઠકોમાંથી એક જીતી હતી. જોસે ડિસેમ્બરમાં પાર્ટી શરૂ કરી. જોસે કામરાજ મતવિસ્તારમાંથી ચૂંટણી લડી અને ૧૦,૨૦૫ મતોથી જીત મેળવી.

અહેવાલો અનુસાર, સેન્ટિયાગો માર્ટિન, જેને તરીકે ઓળખવામાં આવે છે લોટરી કિંગ, ફ્યુચર ગેમિંગ નામની કંપનીના માલિક છે. માર્ટિન પરિવારની કુલ સંપત્તિ આશરે ૪,૧૫૦ કરોડ હોવાનો અંદાજ છે. લોટરી વ્યવસાયમાં તેમની કંપનીનું વાર્ષિક ટર્નઓવર આશરે ૧૫,૦૦૦ કરોડ છે. સેન્ટિયાગોની પત્ની, લીમા, એકલી પાસે ૧,૦૦૦ કરોડથી વધુની સંપત્તિ છે. તેમની પાર્ટીએ ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે આશરે ૧,૩૬૮ કરોડના ચૂંટણી બોન્ડ ખરીદ્યા હતા.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે. નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે.

**વૃષભ:** આજનો દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે. ધનમાં વધારો થશે. શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો.

**મિથુન:** ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો. તેનાથી થોડી સ્થાયી સફળતા મળશે.

**કર્ક:** આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે. પૈસાની દ્રષ્ટિએ તમને ફાયદો થશે અને પરિવારમાં સમૃદ્ધિ મળશે. આજે કંઈક એવું બનશે કે જે તમારા દ્રષ્ટિકોણને બદલશે.

**સિંહ:** આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો.

**કન્યા:** તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. દરેક પ્રકારની ઈચ્છા પ્રાપ્ત થશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

**તુલા:** આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે અને ભાગ્યની સહાયથી કાર્યો પૂરા થશે. આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે. કેટલાક ખર્ચ પણ આમાં શક્ય છે.

**વૃશ્ચિક:** આજે તમારો શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે અને મનમાં ખાસ પ્રકારનો ઉત્સાહ રહેશે.

**ધન:** આજે તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃદ્ધ થવાના છો અને આજે તમને ભેટો અને સન્માનનો લાભ મળશે. નજીકના મિત્રની સલાહ અને ટેકાથી તમે તમારા ખરાબ કાર્યોને પણ યોગ્ય રીતે કરી શકો છો, સમયનો લાભ લઈ શકો છો. આજે તમારે તમારા બાળકને લઈને કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેવો પડી શકે છે.

**મકર:** આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે. આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે. પત્નીના સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવું.

**કુંભ:** આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ક્ષેત્રમાં સ્થાળાંતરથી તમને ફાયદો થઈ શકે છે અને ધંધામાં પણ નફો વધશે. ભાગીદારો સાથે સાચી પ્રામાણિકતા અને સારી વાણી રાખીને તમે લોકોનું દિલ જીતી શકો છો.

**મીન:** આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને શ્રેષ્ઠ પ્રકારની સંપત્તિ મળશે. આજે ઘણા દિવસોથી અટકેલા પૈસા મળી શકે છે. આજે ચંદ્ર સુખ અને શાંતિ આપશે અને તમને તમારા ભાગ્યનો પૂરો સહયોગ મળશે.


**શ્રી વી.બી.ખરાડી એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં**

નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ.નં.૮૬૭/૨૦૨૫ તા.૨૮/૦૧/૨૦૨૬

**જાહેર નોટીસ**

અરજદારશ્રી:- ૧. તરાર રમેશભાઈ સબાભાઈ
રહે.નવાગામ(ઈસરી), તા.મેઘરજ જિ.અરવલ્લી.

:: વિરૂધ્ધ ::

સામાવાળા:- ૧. રજીસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, નવાગામ(ઈસરી) ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, મુ.નવાગામ(ઈસરી), તા.મેઘરજ જિ.અરવલ્લી.

વિષય:- જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી.

મોજે.નવાગામ(ઈસરી), તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ વિવાદ અરજી.

આથી લાગતા વળગતા તમામ ઇસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારશ્રીએ તેઓની તા.૦૫/૧૨/૨૦૨૫ની અરજીથી તેઓના પુત્રશ્રી તરાળ ચિંતનકુમાર રમેશભાઈ નો તા.૨૭/૦૬/૨૦૦૩ના રોજ મુ.નવાગામ(ઈસરી) તા.મેઘરજ જિ.અરવલ્લી મુકામે જન્મ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઇસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આ કામના અરજદારશ્રીએ સ્વખર્ચે પ્રતિષ્ઠીત દૈનિક વર્તમાન પત્રમાં સદર જાહેર નોટીસની દિન-૭ની સમયમર્યાદામાં પ્રસિધ્ધી કરાવી તેની નકલ અત્રેની કોર્ટમાં રજુ કરવાની રહેશે.

આજ તા. ૨૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટીસ ઈસ્યુકરી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(વી.બી.ખરાડી)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર મેઘરજ

**શ્રી વી.બી.ખરાડી એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં**

.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ.નં.૧૯૯,૨૦૦/૨૦૨૫ તા.૦૬/૦૫/૨૦૨૬

**જાહેર નોટીસ**

અરજદારશ્રી:- ૧. કોટડ હકરાભાઈ કબાભાઈ
રહે.ઢેમડા, તા.મેઘરજ જિ.અરવલ્લી.

:: વિરૂધ્ધ ::

સામાવાળા:- ૧. રજીસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, મોટીમોયડી ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, મુ.ઢેમડા, તા.મેઘરજ જિ.અરવલ્લી.

વિષય:- જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી. મોજે.ઢેમડા, તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ વિવાદ અરજી.

આથી લાગતા વળગતા તમામ ઇસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારશ્રીએ તેઓની તા.૦૨/૦૩/૨૦૨૬ની અરજીથી તેઓના દાદીશ્રી કોટડ પુંજીબેન થાનાભાઈ નો તા.૦૨/૧૧/૧૯૯૫ તથા ફોઇશ્રી કોટડ અમરીબેન થાંનાભાઇ નો તા.૨૬/૧૦/૨૦૦૮ના રોજ મુ.ઢેમડા તા.મેઘરજ જિ.અરવલ્લી મુકામે મરણ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આ કામના અરજદારશ્રીએ સ્વખર્ચે પ્રતિષ્ઠીત દૈનિક વર્તમાન પત્રમાં સદર જાહેર નોટીસની દિન-૭ની સમયમર્યાદામાં પ્રસિધ્ધી કરાવી તેની નકલ અત્રેની કોર્ટમાં રજુ કરવાની રહેશે.

આજ તા. ૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટીસ ઈસ્યુકરી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(વી.બી.ખરાડી)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર મેઘરજ

**શ્રી વી.બી.ખરાડી એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં**

નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ.નં.૧૯૭/૨૦૨૫ તા.૦૬/૦૫/૨૦૨૬

**જાહેર નોટીસ**

રજદારશ્રી:- ૧. ખાંટ કાળાભાઈ ચુનાભાઈ
રહે.ઓઢા(ક), તા.મેઘરજ જિ.અરવલ્લી.

:: વિરૂધ્ધ ::

સામાવાળા:- ૧. રજીસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, કસાણા ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, મુ.ઓઢા(ક), તા.મેઘરજ જિ.અરવલ્લી.

વિષય:- જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી.

મોજે.ઓઢા(ક), તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ વિવાદ અરજી.

આથી લાગતા વળગતા તમામ ઇસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારશ્રીએ તેઓની તા.૨૭/૦૨/૨૦૨૬ની અરજીથી તેઓના પુત્રશ્રી ખાંટ વિક્રમભાઈ કાળાભાઈ નો તા.૦૧/૦૪/૨૦૦૮ના રોજ મુ.ઓઢા(ક) તા.મેઘરજ જિ.અરવલ્લી મુકામે જન્મ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આ કામના અરજદારશ્રીએ સ્વખર્ચે પ્રતિષ્ઠીત દૈનિક વર્તમાન પત્રમાં સદર જાહેર નોટીસની દિન-૭ની સમયમર્યાદામાં પ્રસિધ્ધી કરાવી તેની નકલ અત્રેની કોર્ટમાં રજુ કરવાની રહેશે.

આજ તા. ૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટીસ ઈસ્યુકરી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(વી.બી.ખરાડી)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર મેઘરજ

**શ્રી વી.બી.ખરાડી એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં**

નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ.નં.૧૯૬/૨૦૨૫ તા.૦૬/૦૫/૨૦૨૬

**જાહેર નોટીસ**

અરજદારશ્રી:- ૧. અસારી કનુભાઈ કમજીભાઈ
રહે.ગાયવાછરડા, તા.મેઘરજ જિ.અરવલ્લી.

:: વિરૂધ્ધ ::

સામાવાળા:- ૧. રજીસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ઝરડા ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, મુ.ગાયવાછરડા, તા.મેઘરજ જિ.અરવલ્લી.

વિષય:- જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી.

મોજે.ગાયવાછરડા, તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ વિવાદ અરજી.

આથી લાગતા વળગતા તમામ ઇસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારશ્રીએ તેઓની તા.૨૪/૦૨/૨૦૨૬ની અરજીથી તેઓના પુત્રીશ્રી અસારી દિપીકાબેન કનુભાઈ નો તા.૨૮/૦૫/૨૦૧૨ના રોજ મુ.ગાયવાછરડા તા.મેઘરજ જિ.અરવલ્લી મુકામે જન્મ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આ કામના અરજદારશ્રીએ સ્વખર્ચે પ્રતિષ્ઠીત દૈનિક વર્તમાન પત્રમાં સદર જાહેર નોટીસની દિન-૭ની સમયમર્યાદામાં પ્રસિધ્ધી કરાવી તેની નકલ અત્રેની કોર્ટમાં રજુ કરવાની રહેશે.

આજ તા. ૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટીસ ઈસ્યુકરી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(વી.બી.ખરાડી)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર મેઘરજ

# "સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની સ્થાપનાના દસ વર્ષ નિમિત્તે ભવ્ય ઉજવણીનું આયોજન"

ઉત્તર ગુજરાતની અગ્રણી NAAC ગ્રેડ છ માન્યતા પ્રાપ્ત સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે તારીખ ૦૯ મેના રોજ યુનિવર્સિટીની સ્થાપનાના દસ વર્ષની ઉજવણી અત્યંત ઉત્સાહ અને ગૌરવ સાથે કરવામાં આવશે. કર્મવીર સ્વ. શ્રી સાંકળચંદભાઈ પટેલના શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક જરૂરિયાતો ને પૂર્ણ કરવાનો ઉદેશ ધરાવતી પ્રેરણાથી સ્થાપિત આ યુનિવર્સિટી આજે હજારો વિદ્યાર્થીઓના સપનાઓને સાકાર કરવા તેમજ તેમના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. દસ વર્ષના ગાળામાં સાંકળચંદ પટેલ યુનિવર્સિટીએ મેડિકલ, હોમિયોપેથી, આયુર્વેદ, ડેન્ટલ, પેરામેડિકલ, ટેક્નિકલ, મેનેજમેન્ટ, કમ્પ્યુટર સાયન્સ, ફાર્મસી, ડિઝાઈનિંગ, સાયન્સ અને કોમર્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં અભ્યાસક્રમો દ્વારા ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડ્યું છે. સાથે સાથે સમાજના નાનામાં નાના વર્ગ સુધી આરોગ્ય ક્ષેત્રે ઉચ્ચ કક્ષાની સેવાઓ પહોંચાડી રાજ્ય અને દેશની અગ્રણી યુનિવર્સિટીઓમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

યુનિવર્સિટી જ્યારે તેની સ્થાપનાના દશાબ્દી વર્ષની ઉજવણી કરી રહી છે, ત્યારે આ શુભ અવસરે સવારે કર્મવીર સ્વ.શ્રી સાંકળચંદ દાદાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ યુનિવર્સિટીની સંલગ્ન સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. આ પ્રસંગે યુનિવર્સિટીની સ્થાપના અને વિકાસમાં અમૂલ્ય યોગદાન આપનાર મહાનુભાવો નો સત્કાર સમારંભ યોજાશે. સાથે સાથે યુનિવર્સિટીના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપનાર શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક સ્ટાફ સભ્યોને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ વિવિધ કેટેગરીમાં "પ્રેસિડેન્સિયલ એવોર્ડ "થી સન્માનિત કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં સમારંભના પ્રમુખ તરીકે ગુજરાત રાજ્યના કાયદાકીય અને સંસદીય બાબતોના કેબિનેટ મંત્રી માનનીયશ્રી ઋષિકેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી માનનીય શ્રી નીતિનભાઈ પટેલ તથા ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ કેબિનેટ મંત્રી માનનીયશ્રી ડો. પ્રદ્યુમન વાજા ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રી માનનીયશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યસભા સાંસદ માનનીયશ્રી મયંકભાઈ નાયક અને મહેસાણા જિલ્લાના સંસદ સભ્ય માનનીય શ્રી હરીભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. સમારંભના ખાસ મહેમાન તરીકે પદ્મશ્રી પુરસ્કાર વિજેતા માનનીયશ્રી કુમારપાળ દેસાઈ, એબીપી અસ્મિતા ન્યૂઝ ચેનલ હેડ માનનીયશ્રી રોનકભાઈ પટેલ અને નવગુજરાત સમય તથા અમદાવાદ મિરર ગ્રુપના એડિટર માનનીયશ્રી અજય ઉમત ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે. આ અવસરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે યુનિવર્સિટી કેમ્પસ ખાતે સ્થાપિત દ્રૈંદ્બૈંછ દ્વારા સંચાલિત છૈં લેબ તેમજ અદ્યતન સુવિધાઓથી સજ્જ નવીન કેન્ટીન 'એસપીયુ કેફેટેરિયા'નું ઉદ્ઘાટન અને લોકાર્પણ કરવામાં આવશે.

આ સુવિધાઓ દ્વારા વિદ્યાર્થીઓને અદ્યતન




ટેક્નોલોજી સાથે ગુણવત્તાસભર શિક્ષણ મેળવવાની વધુ સશક્ત તક મળશે, જ્યારે નવી કેન્ટીન કેમ્પસમાં આધુનિક અને આરામદાયક સુવિધાઓનો ઉમેરો કરશે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી મનોરંજન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રહી છે. તેના ભાગરૂપે તારીખ ૦૯ મે ના રોજ રાત્રે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉત્તર ગુજરાતના વતની અને પ્રખ્યાત હિન્દી-ગુજરાતી ગાયક દર્શન રાવલ દ્વારા લાઈવ કોન્સર્ટ રજૂ કરવામાં આવશે. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે જણાવ્યું હતું કે સ્થાપનાના દસ વર્ષ જેવા ટૂંકા ગાળામાં યુનિવર્સિટીએ સુપર કમ્પ્યુટર લેબ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સંશોધન, સ્ટાર્ટઅપ્સ અને શૈક્ષણિક વિકાસ જેવા અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. આ પ્રગતિના આધારે યુનિવર્સિટીએ ગુજરાત તેમજ દેશની અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓમાં પોતાનું આગવું સ્થાન સ્થાપિત કર્યુ છે. તેમણે આ સફળતા માટે સમગ્ર શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના અવિરત સહકાર, સમર્પણ અને ટીમવર્કને શ્રેય આપ્યો છે.

### લૌકિક પ્રસંગ પતાવી પરત ફરતા પરિવારને કાળ ભેટ્યો

## રાજકોટના ગોંડલ રોડ પર બે કાર વચ્ચે અકસ્માત : બે સગા ભાઈનાં મોત

રાજકોટ, તા.૬

રાજકોટ શહેરના ગોંડલ રોડ પર આજે બપોરના સમયે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલી સ્કોર્પિયો કારે ઈકો ગાડીને ધડાકાભેર ટક્કર મારતા બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે. આ અકસ્માતમાં અન્ય ૫ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ, ગોંડલથી લૌકિક પ્રસંગમાં હાજરી આપીને પરત ફરી રહેલા થાનગઢના પાટડીયા પરિવારની ઈકો કારને ટાટા મોટર્સના શોરૂમ પાસે સામેથી આવતી સ્કોર્પિયોએ ટક્કર મારી હતી. આ અકસ્માતમાં થાનગઢના રહેવાસી બે સગા ભાઈઓ ૭૦ વર્ષીય શામજીભાઈ નરશીભાઈ પાટડીયા અને ૬૦ વર્ષીય મગનભાઈ નરશીભાઈ પાટડીયા ના મોત થયા છે. પરિવારના બે મોભીઓના એકસાથે મૃત્યુથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.અકસ્માતની તીવ્રતા એટલી વધારે હતી કે ઈકો ગાડીનો કુરચો બોલી ગયો હતો. આ દુર્ઘટનામાં હંસાબેન મગનભાઈ પાટડીયા (થાનગઢ), સરસ્વતીબેન જાગાણી (રાજકોટ), ઉષાબેન પાટડીયા (રાજકોટ), સાહિલ યાકુબ કુરેશી અને મહેબૂબભાઈ અંસારીને નાની-મોટી ગંભીર ઈજાઓ પહોંચી છે. રાજકોટ પોલીસ દ્વારા આ મામલે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્તો પૈકી કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

### કૌટુંબિક સાળી એવી પ્રેમિકાના ૯ પરિવારજનોએ હુમલો કર્યો

## મૈત્રીકરાર કરનાર યુવકનું અપહરણ, તેની માતા પર કાર ચડાવી દઇ હત્યા

અમરેલી, તા.૬

અમરેલી જિલ્લામાં પ્રેમ પ્રકરણમાં એક યુવકનું અપહરણ કરી મારપીટ કરાયાનો તથા તેની માતા પર કાર ચઢાવી દઈ હત્યા નીપજાવાયાનો બનાવ બનતાં ચકચાર વ્યાપી ગઈ છે. પોતાની કૌટુંબિક સાળી સાથે મૈત્રી કરાર કરનાર નીંગાળા-૧ ગામનો ભાવેશ ભગવાનભાઈ ભીલ (ઉ.વ.૨૫) તેને લેવા પોતાની માતા સાથે રાજુલા જઈ રહ્યો હતો ત્યારે એ યુવતીના પરિવારજનોએ અધરસ્તેથી તેને ઉઠાવી જઈ ગોંધી રાખીને ઢોર માર માર્યો હતો, તેમજ એ પહેલાં તેની માતાને મોતને ઘાટ ઉતારી દીધા હતા એમ વર્ણવીને તેણે પીપાવાવ પોલીસ મથકમાં નવ વ્યક્તિ વિરૂધ્ધ હત્યા, અપહરણ સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી છે. આ મામલે નીંગાળા-૧ નવી શાળા પાસે રહેતા અને ખેતીકામ કરતા ભાવેશ ભગવાન ભાઈ ભીલ (ઉ.વ. ૨૫)એ ફરિયાદમાં જણાવ્યું છે કે ૩ વર્ષ પહેલા પત્ની ભારતીની માસીની પુત્રી કૈલાસ બટુક મકવાણા (રહે. મહુવા)ના પરિવાર સાથે તેણે આસરાણા ગામે ભાગીયુ રાખ્યું હતું. ત્યારથી તેને કૈલાસ સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. યુવતીના પરિવારને પ્રેમ સંબંધની ખબર પડતાં તે નીંગાળા-૧ ગામે આવી ગયો હતો. એક મહિના પહેલા બંને ભાગીને પોરબંદર ગયા બાદ જૂનાગઢ જતા રહ્યા હતા. ત્યાં તેણે કૈલાસ સાથે મૈત્રીકરાર કર્યા હતા. કૈલાસના પરિવારજનોએ સાવરકુંડલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતાં પાંચેક દિવસ પહેલા બંને પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયા હતા અને કૈલાસને તેના પરિવારજનો સમજાવી પોતાની સાથે લઈ ગયા હતા.ગઈકાલ બપોરે તેનાં મોબાઈલમાં ફોન કરી કૈલાસે કહ્યું કે, 'મને મારા ઘરવાળા હેરાન કરે છે, ત્રાસ આપે છે એટલું હું મહુવાથી રાજુલા આવવા નીકળી ગઈ છું, તુ મને રાજુલા બસ સ્ટેશને લેવા આવ. ત્યાંથી આપણે પીપાવાવ પોલીસ સ્ટેશનમાં હાજર થવા દઈશું.' તેણે તેની માતા જીતુબેનને વાત કર્યા બાદ બંને ઘરેથી આગરવાળા રસ્તેથી રાજુલા જવા માટે નીકળ્યા હતા. નેશનલ હાઈવે-૧ ઉપર આવેલા એક પેટ્રોલ પંપ પાસે પહોંચ્યા ત્યારે એક કારમાં ધસી આવેલાં તમામ આરોપીઓ નીચે ઉતરી તેને તથા તેની માતા જીતુબેનને માર મારવા લાગ્યા હતા અને તેને બળજબરીથી કારમાં બેસાડી દીધો હતો. મહેશ, રોહિત અને યોગેશે માતાને ધક્કો મારી પછાડી દીધા બાદ કાર તેની ઉપર ચડાવી દઈ મોત નિપજાવી ગાડી ચલાવી આગળ નીકળી ગયા અને તેને રસ્તામાં 'જો કોઈને અવાજ કર્યો છે તો તારી માંની જેમ તને પણ પતાવી દેશું' કહી ધમકી આપી હતી અને થોડે આગળ આરોપીઓએ ગાડી મહુવા તરફ લઈ ખરેડ ગામે ખારામાં બંને બાજુ તળાવ વચ્ચે પાળા ઉપર ગાડી ઉભી રાખી તેને ઉતારી મુક્યો હતો.

## લીંબાયતમાં ઝાડા-ઉલ્ટીના કારણે ૬ વર્ષના માસૂમનું મોત

સુરત,તા.૬

સુરત શહેરમાં ફરી એકવાર રોગચાળાએ માથું ઊંચક્યું છે. શહેરના લીંબાયત વિસ્તારમાં ઝાડા-ઉલ્ટીની ઝપેટમાં આવતા એક ૬ વર્ષીય માસૂમ બાળકનું કરૂણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, લીંબાયત વિસ્તારમાં રહેતા આ ૬ વર્ષીય બાળકને અચાનક પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો અને ત્યારબાદ સતત ઝાડા-ઉલ્ટી શરૂ થઈ ગયા હતા. બાળકની હાલત બગડતા પરિવારે તાત્કાલિક તેને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યો હતો. જોકે, ત્યાં તેની સ્થિતિમાં કોઈ સુધારો ન આવતા અને તબિયત વધુ લથડતા તેને વધુ સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યો હતો.

સિવિલ હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ માસૂમને બચાવવા માટે તાત્કાલિક સારવાર શરૂ કરી હતી. પરંતુ, શરીરમાં પાણીનું પ્રમાણ ઘટી જવાથી અથવા અન્ય ગંભીર ઈન્ફેક્શનને કારણે બાળકની હાલત અત્યંત નાજુક બની ગઈ હતી. કમનસીબે, ટૂંકી સારવાર દરમિયાન જ માસૂમ બાળકે અંતિમ શ્વાસ લીધા હતા.

એક તરફ ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે બીજી તરફ દૂષિત પાણી અથવા ખોરાકને કારણે ઝાડા-ઉલ્ટીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. આ ઘટનાની જાણ થતા જ મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય વિભાગ સફાળું જાગ્યું છે. લીંબાયત વિસ્તારમાં પાણીના સેમ્પલ લેવાની અને ઘરે-ઘરે સર્વે કરવાની કામગીરી હાથ ધરવામાં આવી શકે છે. વાલીઓને અપીલ કરવામાં આવી છે કે ગરમીના સમયમાં બાળકોના ખોરાક અને પાણી બાબતે વિશેષ તકેદારી રાખે.



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

# ન ચોરહાર્ય ન ચ રાજહાર્ય ન ભાતૃ ભાજ્યં ન ચ ભારકારી! વ્યયે કૃતે વર્ધતે એવ નિત્યં વિદ્યા ધનમ સર્વધન પ્રધાનમ્!!

## સાચી સંપત્તિ એટલે જ્ઞાન, પ્રેમ અને લાગણીનો સંગમ

ધોરણ દશ એસ એસ સી ધોરણ બાર એચ એસ સીના પરિણામ જાહેર થયા ત્યારે આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો જીવનમાં આપણે સૌ સુખ, સમૃદ્ધિ અને શાંતિની શોધમાં દોડતા હોઈએ છીએ. કોઈ સંપત્તિને સાચું સુખ માને છે, તો કોઈ વૈભવને જીવનની સફળતા ગણે છે. પરંતુ શું ખરેખર બાહ્ય વસ્તુઓ જ આપણને મહાન બનાવે છે? એક રાજા અને ત્રણ બાળકોની બોધકથાથી લઈને રાસલીલાના આધ્યાત્મિક રહસ્ય સુધી,અને એક પિતા-પુત્રના મૌન સંવાદ સુધી, જીવન આપણને વારંવાર એક જ સત્ય શીખવે છે: નાશવંત વસ્તુઓ કરતાં અવિનાશી મૂલ્યો જસાચી મૂડી છે.જ્ઞાન,નિઃસ્વાર્થ પ્રેમ અને સંબંધોની હૂંફ એ જ એવો ખજાનો છે જે સમય, સંજોગો કે વિપત્તિ ક્યારેય છીનવી શકતા નથી. આ લેખમાં ત્રણ અલગ પ્રસંગો દ્વારા જીવનના એ જ શાશ્વત સત્યને સમજવાનો પ્રયત્ન કરીએ.

એક સમયે એક પરાક્રમી રાજા શિકાર માટે ગાઢ જંગલમાં ગયો. અચાનક વાતાવરણ પલટાયું. મુશળધાર વરસાદ અને અંધારા ના કારણે રાજા પોતાના સૈન્યથી વિખૂટો પડી ગયો. ભૂખ, તરસ અને થાકથી લથડતો રાજા જંગલની ધારે આવેલા ટેકરા પર બેઠો. ત્યાં તેણે ત્રણ નાના છોકરાઓને હસતા-રમતા ગામ તરફ જતા જોયા. રાજાએ નમ્રતાથી ભોજન અને પાણી માગ્યું. બાળકોએ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના દોડીને ગામમાંથી ખોરાક લાવી આપ્યો. **બાળકોની નિઃસ્વાર્થ સેવાથી પ્રસન્ન થયેલા રાજાએ કહ્યું, "માગો, જે જોઈએ તે આપીશ."**

પહેલા છોકરાએ સંપત્તિ માગી કે જેથી ક્યારેય ભૂખ્યો ન રહે. બીજાએ મોટું ઘર અને ઘોડા ગાડી માગ્યા. રાજાએ બંનેની ઈચ્છા પૂરી કરી.

ત્રીજો છોકરો શાંતિથી બોલ્યો, ×મહારાજ, મને ધન કે વૈભવ નથી જોઈતો.મને એવો આશીર્વાદ આપો કે હું ભણી-ગણીને વિદ્વાન બનું અને દેશની સેવા કરી શકું.×રાજા તેની સમજદારીથી પ્રભાવિત થયો અને તેના શિક્ષણની સંપૂર્ણ વ્યવસ્થા કરાવી.

વર્ષો વીત્યા.ત્રીજો છોકરો મહાન વિદ્વાન બની રાજ્યનો મંત્રી બન્યો એક દિવસ રાજાએ તેના બંને જૂના મિત્રોને બોલાવ્યા પહેલો ફરી ગરીબ થઈ ગયોહતો કારણ કે તેણે સંપત્તિ ઉડાવી દીધી.બીજાનું ઘર અને સંપત્તિ કુદરતી આફતમાં નાશ પામ્યાં હતાં. ત્યારે રાજાએ ત્રણેયને જીવનનું સાર સમજાવ્યું ×સંપત્તિ અને વૈભવ નાશવંત છે.આજે છે,કાલે નહીં હોય. પરંતુ જ્ઞાન એવો ખજાનો છે જે કોઈ ચોરી શકતું નથી,કોઈ આફત છીનવી શકતી નથી.જ્ઞાન જ મનુષ્યને સાચી રીતે મહાન બનાવે છે.×લૌકિક દૃષ્ટિએ જોવામાં આવે તો રાસ લીલાને ઘણીવાર ગેરસમજ થાય છે. પરંતુ ભાગવતનો મર્મ સમજી એ તો રાસલીલા એ કામલીલા નહીં યોગલીલા છે. યોગ એટલે જીવ અને ઈશ્વરનો સંયોગ. રાસલીલા એ મહાયોગ છે.

ગોપીઓનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ લૌકિક મોહ નહોતો,શુદ્ધ અંત રંગ પ્રેમ હતો. મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ત્યાગ માગે છે. મોહ સંયોગથી પુષ્ટ થાય છે, પણ પ્રેમ વિયોગમાં વધુ દૃઢ બને છે, કારણ કે વિયોગમાં પ્રિયનું સતત સ્મરણ રહે છે. વિયોગ એ પણ એક વિશિષ્ટ પ્રકારનો યોગ જ છે.વિયોગની અગ્નિમાં ગોપી ઓનું પંચભૌતિક શરીર બળીને દિવ્ય બન્યું,ત્યારે જ જીવ-ઈશ્વર નું મિલન શક્ય બન્યું ઘણાને પ્રશ્ન થાય કે અગિયાર વર્ષના બાળ કૃષ્ણ સાથે કામની વાત કેવી રીતે સંભવે?ભાગવતના વક્તા શુક દેવજી બ્રહ્મનિષ્ઠ પરમહંસ છે. શ્રોતા પરીક્ષિત રાજા મૃત્યુના કાંઠે બેઠા છે. આવી સ્થિતિમાં લૌકિક કામની કથા સંભળાવ વાનો કોઈ અર્થ જ નથી. સત્ય એ છે કે રાસલીલામાં શ્રીકૃષ્ણ અને ગોપીઓનો સ્થૂળ શરીર સંબંધ થયો જ નથી.ગોપીઓનાં પંચ ભૌતિક શરીર તો ઘરમાં પતિની પડખે જ હતાં.ભાગવત કારસ્પષ્ટ કહેછેકે આ મિલન સૂક્ષ્મ શરીરનું હતું. મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોનું મિલન. જ્યારે મન ઈશ્વરમાં ઓગળી જાય ત્યારે જ ભક્તિ રસ પ્રાપ્ત થાય છે.એટલે




જ ભાગવતમાં ગોપી ઓ માટે 'કૃષ્ણ ગીત માનસ'શબ્દ વપરાયો છે, એટલે કે જેનું મન શ્રીકૃષ્ણે હરી લીધું છે.આ લીલા નું શ્રદ્ધાથી ચિંતન કરવાથી કામ વિકાર નાશ પામે છે અને પરા ભક્તિ પ્રાપ્ત થાય છે.

આજે છેલ્લે મને ગમેલી એક વાત એક વૃદ્ધ પિતા રોજ બારી પાસે બેસીને બહાર જોતા રહેતા. પુત્રને ચીડ ચડી. તેણે પૂછ્યું, ×પિતાજી,આખો દિવસ બારી પાસે શું જોયા કરો છો?× **પિતાએ સ્મિત સાથે કહ્યું,"બેટા, તું નાનો હતો ત્યારે તું પણ આ જ બારી પાસે ઊભો રહી મારી રાહ જોતો હતો. આજે હું તારી રાહ જોઉં છું."**

**પુત્ર સ્તબ્ધ થઈ ગયો. આંખમાં આંસુ સાથે તેણે પિતાને ભેટી પડીને કહ્યું,"હવે હું રોજ તમારી સાથે બેસીશ."**

સમય બદલાય છે, સંજોગો બદલાય છે,પણ સાચા સંબંધો ની લાગણી ક્યારેય બદલાતી નથી.આપણે કમાવાની દોડમાં ઘણીવાર એ ભૂલી જઈએ છીએ કે આપણા વડીલોને આપણા પૈસા નહીં, આપણો સમય અને પ્રેમજોઈએ છે.વાચક મિત્રો જીવનનું એક જ સત્ય દોહરાવે છે.પહેલી વાર્તા કહે છે કે સંપત્તિ કરતાં જ્ઞાન ચડિયાતું છે. બીજો પ્રસંગ સમજાવે છે કે મોહ કરતાં નિઃસ્વાર્થ પ્રેમ શ્રેષ્ઠ છે.અને ત્રીજી ઘટના શીખવે છે કે દુનિયાની દોડધામ કરતાં સંબંધોને આપેલો સમય વધુ મૂલ્યવાન છે.

સાચી મૂડી તિજોરીમાં નહીં, મગજ, હૃદય અને વ્યવહારમાં હોય છે. જે જ્ઞાનથી સમૃદ્ધ છે, પ્રેમથી પરિપૂર્ણ છે અને લાગણી થી જીવંત છે, એ જ ખરેખર ધનવાન છે. કારણ કે આ ત્રણેય વસ્તુઓને કોઈ રાજા છીનવી શકે નહીં,કોઈ આફત મિટાવી શકે નહીં અને કાળ પણ ભૂંસી શકે નહીં.એટલે જ કહ્યું છે વિદ્યા ધનં સર્વધન પ્રધાનમ્ અસ્તુ.

